ગાંધીનગર સમાચાર

# સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવરનો વાર્ષિકોત્સવ






બાળક એ એક એવું સંવેદનશીલ પંખીડું છે કે જેને જીવનના અનેક રંગોથી નીખરવાનું છે. એ નિખારવાનું કામ ખૂબ જ કપરું છે. શિક્ષણ- સંસ્કાર- સંસ્કૃતિ - સંકલ્પ રંગોથી એ નીખાર સરળતાથી લાવી શકાય છે. સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર- ચિલોડાના પ્રાંગણમાં તારીખ ૯ માર્ચ ૨૦૧૯ ના રોજ શાળાનો વાર્ષિકોત્સવ 'પ્રિઝમ ૨૦૧૯' યોજાઈ ગયો. જેમાં પ્રેયર ડાન્સ, વિવિધ ફોક ડાન્સ, પુલવામામાં થયેલા આતંકવાદી હુમલાને શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ મેકિંગ ઓફ સોલ્જર, નાટક, રેટ્રો ડાન્સ વગેરે કૃતિઓ અલગ અંદાજથી વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવી.

ભૌતિક સુખ સગવડતાઓ પાછળ આંધળી દોટ મુકતી આજની પેઢીમાં જાણે માતા પિતા અને બાળકો વચ્ચે પ્રેમ અને ભાવસંવર્ધન માત્ર નામ પૂરતા જ રહ્યા છે. સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર દ્વારા માતૃદેવો ભવ પિતૃદેવો ભવ ની લુપ્ત જતી સંસ્કૃતિને ફરી જાગૃત કરવાનો કાર્યક્રમ "felicitating parents" રજૂ થયો, જે દરમિયાન વાલીઓ ભાવવિભોર બની ગયા હતા. અંતમાં સંસ્થાના ટ્રસ્ટી ગણે વાર્ષિક ઉત્સવની આ સફળ ઉજવણી બદલ શાળાના પ્રિન્સીપાલ તથા સૌ સ્ટાફ મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



જીગર એન પટેલ
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ ગૃપ)



ડો. જિગર સુરેશભાઈ રત્નોત્તર
મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩



તેજ હાર્દિકકુમાર રાવલ
મો. ૯૯૭૪૯ ૮૮૩૨૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક




ગાંધીનગર, તા. ૧૧

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉમર્સ કૉલેજમાં વાર્ષિક ઉત્સવ તથા વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય અતિથિ તરીકે ચૅમ્બર ઑફ કૉમર્સ વિમેન્સ વિંગનાં કો-ચૅમ્બર રેખાબેન અધ્વર્યુ અને અતિથિવિશેષ તરીકે ઍસ જી દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે અભ્યાસ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર વિદ્યાર્થિનીઓનું અતિથિઓના હસ્તે ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. 'સ્ટુડન્ટ ઑફ ધી યર'ની ટ્રૉફી ક્રિષ્ના આર પટેલે પોતાને નામે કરી હતી. વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી.

વિદ્યાર્થિનીઓને આશીર્વાદ પાઠવવા ટ્રસ્ટી હરિભાઈ ચૌધરી, માધુભાઈ ચૌધરી અને રણછોડભાઈ ચૌધરી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય પ્રકૃતિ જોષીના માર્ગદર્શનમાં સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થિનીઓના સહિયારા પ્રયાસોથી આ કાર્યક્રમ સફળતાને વર્યો હતો.

# 'યુઍસઍસ કૉલોની' પુસ્તકનું વિમોચન




## અજય ઉમટ, કૃષ્ણકાંત ઉનડકટ, જય વસાવડા અને વિષ્ણુ પંડ્યાની વિશેષ ઉપસ્થિતિ : પુસ્તકમાં અવકાશ સાહસિકોની મંગળ ઉપરની યાત્રા તથા સમકાલીન વૈશ્વિક પોલિટિક્સની કાલ્પનિક રજૂઆત

એચ. ટી. પારેખ હોલ, એએમએ,અમદાવાદ ખાતે લેખક નિશાત શાહના પુસ્તક 'યુએસએ-કોલોની'નું વિમોચન વિધાનસભા સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદીના વરદહસ્તે થયું.

કાર્યક્રમના પ્રારંભમાં વિપુલ આચાર્ય અને નિહારિકા આચાર્યે સરસ્વતીની સ્તુતિ રજૂ કરી હતી. આ પ્રસંગે અજય ઉમટ, કૃષ્ણકાંત ઉનડકટ, જય વસાવડા અને વિષ્ણુ પંડ્યાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી અને એમણે પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું હતું. લેખક નિશાત શાહે જણાવ્યું હતું કે આ પુસ્તક 'યુએસએ-કોલોની'માં અમેરિકન અવકાશ સાહસિકોની મંગળ ઉપરની યાત્રા તથા સમકાલીન વૈશ્વિક પોલિટિક્સની કાલ્પનિક રજૂઆત કરવામાં આવી છે.

# ગાંધીનગરના કલાકારો નડીયાદમાં ઝળક્યા



ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી ગાંધીનગરના નાટ્યકાર હસમુખ મેકવાન દ્વારા મનોરંજક નાટક 'વરૂ જોડે એક રાત'ની રજૂઆત નડીયાદ ખાતે કરવામાં આવી હતી.

નડીયાદ શહેર-તાલુકા પેન્શનર ફોરમના યજમાનપદે આબિદ સુરતી લિખિત અને હસમુખ મેકવાન દિગ્દર્શિત આ નાટક આંબેડકર હોલ, નડીયાદ ખાતે યોજવામાં આવ્યું હતું.

ગાંધીનગરનાં કલાકાર ઊર્મિલા સોલંકી, ઉરેન અલમોલા, નિરંજન શાહ, વિનય મિસ્ત્રી, શિવાંગ રાવલ, વિવેકા પટેલ દ્વારા આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. સંગીત સંચાલન નીરવ મેકવાન અને પ્રકાશ આયોજન અશોષકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. નડીયાદ શહેર-તાલુકા ફોરમના અધ્યક્ષ રમેશભાઈ પંચાલ, પ્રમુખ ડૉ. કે પી રાજભારતી, મહામંત્રી કાંતિલાલ શર્મા ઉપરાંત હોદ્દેદારો અને સદસ્યો મોટી સંખ્યામાં આ નાટક જોવા ઉપસ્થિત રહ્યા હતા.

# પીજી મૅડિકલમાં પ્રવેશ માટે આજથી ઑનલાઈન રજિ.

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતની જુદી જુદી મેડિકલ કોલેજોમાં પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. જે પ્રમાણે તા.૧૨મીથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરાશે. જેના આધારે તા.૨૫મીથી ૧લી એપ્રિલની વચ્ચે પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે. પી.જી.મેડિકલની કુલ ૧૭૨૩ બેઠકો ઉપલબ્ધ છે. જે પૈકી પહેલા રાઉન્ડમાં ૧૫૯૭ બેઠકો માટે કાર્યવાહી કરાશે.

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટે લેવામાં આવેલી નીટના આધારે હવે પ્રવેશ સમિતિ દ્વારા પહેલાં તબક્કાની પ્રવેશ પ્રક્રિયાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. તા.૧૨મીથી લઈને તા. ૧૬મી માર્ચ બપોરે ૩૦ કલાક સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે બેંકમાંથી પીન લેવાની રહેશે. બેંક ઉપરાંત મેડિકલની પ્રવેશ સમિતિ પરથી ઓનલાઈન પણ પીન ખરીદી શકાશે. આ પીનના આધારે તા.૧૨મીએ બપોરે ૧૨ વાગ્યાથી તા.૧૬મીએ સાંજે ૬ વાગ્યા સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે. હેલ્પ સેન્ટર પર તા.૧૨મીથી લઈને તા.૧૮મીએ બપોરે ૪ વાગ્યા સુધી અરજીઓની ચકાસણી અને પ્રમાણપત્રોની ખરી નકલો જમા કરાવવાની રહેશે. પ્રવેશ સમિતિ પાસે હાલમાં ૧૭૨૩ બેઠકો ઉપલબ્ધ છે. જેમાંથી ૪૩૬ બેઠકો ઓલ ઈન્ડિયા કવોટમાં ફાળવી દેવામાં આવી છે. જેના કારણે પહેલા તબક્કામાં ૧૫૯૭ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરાશે. ડિપ્લોમાથી ડિગ્રીમાં ટ્રાન્સફર થયેલી કુલ ૮૦ બેઠકો પૈકી પહેલા તબક્કામાં ૪૦ બેઠકો પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવી છે. આ બેઠકોમાંથી પણ ૮ બેઠકો ઓલ ઈન્ડિયા કવોટામાં ફાળવી દેવામાં આવશે. એમડીએસની કુલ ૨૪૧ બેઠકો ઉપલબ્ધ છે. જેમાંથી ૧૯ બેઠકો ઓલ ઈન્ડિયામાં આપવામાં આવશે. ચાલુ વર્ષે પહેલી વખત સવર્ણ અનામત એટલે કે આર્થિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ૧૦ ટકા બેઠકો અનામત રાખવામાં આવી છે. પી.જી.મેડિકલમાં પણ કુલ બેઠકો પૈકી ૧૦ ટકા બેઠકો આ કેટેગરીમાં આવતાં વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવશે. સરકાર દ્વારા પી.જી.ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો માટે પહેલો રાઉન્ડ તા.૧૨થી ૨૪મી માર્ચ વચ્ચે પુરો કરવાની સૂચના અપાઈ છે.

# સેવાની જ્યોત

॥ બીજો મણકો ॥




'તમે જે કામ કરવા આવ્યા છો તે આ જગ્યાએથી ન થાય. તમારે તો અમારા જેવાને ત્યાં રહેવું જોઈએ. ગયાબાબું અહીંના જાણીતા વકિલ છે. તેમની વતી હું તેમને ત્યાં ઊતરવાનો આગ્રહ કરું છું. અમે બધા સરકારથી ડરીએ તો છીએ જ. પણ અમારાથી બને તેટલી મદદ અમે તમને દઈશું. રાજકુમાર શુકલની ઘણી વાત સાચી જ છે. દુઃખ એ છે કે અમારા આગેવાન આજ અહીં નથી. બાબુ બ્રજકિશોરપ્રસાદને અને રાજેન્દ્રપ્રસાદને મે તાર કર્યો છે. બંને અહીં તુરત આવી જશે ને તમને પૂરી માહિતી ને મદદ આપી શકશે. મહેરબાની કરીને તમે ગયાબાબુને ત્યાં ચાલો.' આ ભાષણથી હું લોભાયો. મને સંઘરવાથી ગયાબાબુની સ્થિતિ કફોડી થાય એવા ભયથી મને સંકોચ હતો. પણ ગયાબાબુએ મને નિશ્ચિત કર્યો. હું ગયાબાબુને ત્યાં ગયો. તેમણે અને તેમનાં કુટુંબીજનોએ મને પ્રેમથી નવરાવ્યો.

બ્રજકિશોરબાબું દરભંગાથી આવ્યા. રાજેન્દ્રબાબુ પુરીથી આવ્યા. અહીં જોયા તે લખનૌના બ્રજકિશોરપ્રસાદ નહીં. તેમનામાં બિહારીની નમ્રતા, સાદાઈ, ભલમનસાઈ, અસાધારણ શ્રધ્ધા જોઈને મારું હૈયું હષથી ઊભરાઈ ગયું. બિહારી વકીલમંડળનું બ્રજકિશોરબાબુના પ્રત્યેનું માન જોઈ હું સાનંદાશ્ચર્ય પામ્યો.

આ મંડળ વચ્ચે ને મારી વચ્ચે જન્મની ગાંઠ બંધાઈ.

બ્રજકિશોરબાબુએ મને બધી હકીકતથી વાકેફ કર્યો. તેઓ ગરીબ ખેડુતોને સારુ કેસો લડતા. એવા બે કેસો ચાલી રહ્યા હતા. આવા કેસો કરી કંઈક વ્યક્તિગત આશ્વાસન મેળવતા. કોઈ વાર તેમાં પણ નિષ્ફળ જતા. આ ભોળા ખેડૂતોની પાસેથી ફિ તો લેતા જ. ત્યાગી છતાં બ્રજકિશોરબાબુ કે રાજેન્દ્રબાબુ ફિ લેવામાં સંકોચ ન રાખતા. ધંધા પરત્વે જો ફિ ન લે તો તેમનું ઘરખર્ચ ન ચાલે, ને તેઓ લોકોને મદદ પણ ન કરી શકે, એ દલીલ હતી. તેમની ફીના આંકડા અને બંગાળના ને બિહારના બારિસ્ટરોને અપાતી ફીના ન ધારી શકાય એવા આંકડા સાંભળી હું ગૂગળાઈ ગયો.

'સાહેબને અમે 'ઓપીનિયન'ને સારુ ૧૦,૦૦૦રૂપિયા આપ્યા' હજારો સિવાય તો વાત જ મેં ન સાંભળી.

આ મિત્રમંડળે આ બાબતનો મારો મીઠો ઠપકો હેતપૂર્વક સાંભળ્યો. તેનો તેમણે ખોટો અર્થ ન કર્યો.

મેં કહ્યું : 'આ કેસો વાંચ્યા પછી મારો અભિપ્રાય તો એવો છે કે આપણે આ કેસો કરવાનું હવે માડી જ વાળવું. આવા કેસોથી લાભ ઘણો થોડો થાય છે. જે રૈયતવર્ગ આટલો કચરાયેલો છે, જ્યાં સહુ આટલા ભયભીત અહે છે, ત્યાં કચેરીઓ મારફતે ઈલાજ થોડો જ થઈ શકે. લોકોનો ડર કાઢવો એ તેમને સારુ ખરું ઔષધ છે.આ તીનકઠિયા પ્રથા ન જાય ત્યાં લગી આપણે સુખે બેસી નથી શકતા. હું તો બે દિવસ જોવાય તેટલું જોવા આવ્યો છું. પણ હવે જોઉં છું કે આ કામ તો બે વર્ષ પણ લે. એટલો સમય જાય તો પણ હું આપવા તૈયાર છું. આ કામમાં શું કરવું જોઈએ તેની મને સૂઝ પડે છે. પણ તમારી મદદ જોઈએ.'

બ્રજકિશોરબાબુને મેં બહુ ઠરેલ મગજના ભાળ્યા. તેમણે શાંતિથી જવાબ આપ્યો: 'અમારથી બનશે તે મદદ અમે આપીશું. પણ તે કેવા પ્રકારની તે અમને સમજાવો.'

અમે આ સંવાદમાં રાત ગાળી. મેં કહ્યું : મારે તમારી વકીલાતની શક્તિનો ઓછો ઉપયોગ પડશે. તમારા જેવાની પાસેથી હું તો લહિયાનું ને દુભાષિયાનું કામ માગું. આમાં જેલ જવાપણું પણ જોઉં છું. તમે તે જોખમમાં ઊતરો એ મને ગમે. પણ તેમાં ન ઊતરવું હોય તો ભલે ન ઊતરો. પણ વકીલ મટી લહિયા થવું ને તમારો ધંધો તમારે અનિશ્ચિત મુદતને સારુ પડતો મૂકવો, એ કંઈ હું ઓછું નથી માગતો. અહીની હિદી બોહી સમજતાં મને મુસીબત પડે છે. કગળિયાં બધાં કૈથીમાં કે ઉર્દૂમાં લખેલાં હોય એ હું ન વાંચી શકું. આના તરજુમાની તમારી પાસેથી આશા રાખું. આ કામ પૈસા આપીને કરીએ તો પહોંચાય નહીં. આ બધું સેવાભાવથી ને વગર પૈસે થવું જોઈએ.'


બ્રજકિશોરબાબુ સમજ્યા, પણ તેમણે મારી તેમ જ પોતાના સાથીઓની ઊલટતપાસ ચલાવી. છેવટે તેમણે આ નિશ્ચય જણાવ્યો : 'અમે આટલા જણ તમે જે કામ સોંપશો તે કરી દેવા તૈયાર રહીશું. એમાંના જેટલાને જે વખતે માગશો તેટલા તમારી પાસે રહેશે. જેલ જવાની વાત નવી છે. તે વિષે અમે શક્તિ મેળવવા કોશિશ કરશું.'

'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# પ્રેમ, પ્રકૃતિ અને પરમની પ્રેરણાનું ત્રિદલ પુષ્પ




ગુજરાતી સાહિત્યનાં પદ્યસ્વરૂપોમાંનું એક સ્વરૂપ તે 'સૉનેટ' છે, જે લઘુક દેહધારી કાવ્ય સ્વરૂપ હોવા છતાં તેની ઉડાન વિરાટ અને ઊંચી છે. પશ્ચિમમાંથી ઉતરી આવેલો આ સાહિત્યપ્રકાર છે છતાં ગુજરાતી ભાષાએ તેને પોતીકો બનાવી ખૂબ લાડ લડાવ્યાં છે. આ સાહિત્ય સ્વરૂપ વિશે જોતાં આજ સુધી સૉનેટ અનેક રંગે રૂપે રજૂ થયું છે. સૉનેટનું મહત્ત્વ જગતના અનેક દેશોમાં પ્રસરેલું છે. સૉનેટ આમ તો ચૌદ પંક્તિનું કાવ્ય છે, જેમાં બે ષટક અને યુગ્મ તેમાં પહેલા ષટકમાં કથન, બીજામાં ખંડન અને યુગ્મમાં છેલ્લી પંક્તિ આખી કવિતામાં ચોટ આપે છે.




સૉનેટમાં ઓછી કે વધારે પંક્તિઓવાળી રચનાઓને સૉનેટ પ્રકાર ગણવો કે નહીં તે વિશે મતભેદ છે. સૉનેટના ઉદ્‌ભવકાળે તેનો પ્રધાન વિષય માત્ર પ્રેમ હતો. ઈસ ૧૮૮૮માં ગુજરાતી કવિતામાં સૌપ્રથમ સૉનેટ રચાયું અને ત્યાર પછી સૉનેટની વિકાસયાત્રા આગળ વધતી જ રહી છે. સૉનેટમાં સુખ-દુઃખ જેવા માનવીય સંવેદનો, પ્રકૃતિની વિવિધ લીલા, તેનાં તત્ત્વો, પ્રણના વિવિધ સ્વરૂપો જેવા વિષયો નિરૂપાયા છે. વિવિધ છંદ પ્રયોગો પણ થયા છે. સાંપ્રત સમયમાં યંત્રયુગ, શહેરીકરણને લીધે હતાશા, સંવેદનાની જડતા અને પછી અછાંદસનો પ્રભાવ, ગીત-ગઝલના નવા સ્વરૂપે સૉનેટની કાવ્યધારાને કંઈક અંશે પાતળી બનાવી પણ આજેય આ કાવ્યધારા અટકી નથી તેની પ્રતીતિ કરાવતા સૉનેટ સંગ્રહની વાત કરવી છે.

'ત્રિદલ' કવયત્રિ પારૂલ બારોટનો એકમાત્ર અને ગુજરાતી સાહિત્યમાં પ્રથમ કહી શકાય તેવો સૉનેટસંગ્રહ છે. જેમાં આપણને ૬૮ જેટલાં સૉનેટ મળે છે. જે સૉનેટોને શિખરીણી, મંદાક્રાન્તા, સ્ત્રગ્ધરા, શાર્દુલ વિક્રીડીત જેવા છંદોમાં ઢાળ્યો છે. જેમાં એક નારીનું અનુભવવિશ્વ પ્રગટ્યું છે. તેમાં રસિકતા, નારીસહજ સીલ અને સંયમ તેમજ દાંપત્ય સુખની સુષ્મા અને પરિવારપ્રીતિનો ભાવસ્પંદ અનુભવાય છે. તેનો જાણીતા કવિ હરિકૃષ્ણ પાઠકે પ્રતિભાવ પાઠવ્યો છે.

અહીં પ્રારંભે જ શિર્ષકને સાર્થક કરતું સૉનેટ 'ત્રિદલ' કવયિત્રીએ સુંદર શિખરણી છંદમાં પોતાનાં ત્રણ બાળકો 'ત્રિદળ સરખાં રમ્ય કુસુમો' અને જીવનસાથી માટે ઘેઘૂર વડની વાત કરી માતાપિતાને જીવનનું બહુમૂલ્ય ઝરણા સાથે સરખાવી ઘરપ્રીતિને છંદોબદ્ધ વર્ણવીને જેવો ઉલ્લેખ 'સૉનેટની સફર'માં ધીરૂ પરીખ કરાવે છે, તેમ કરાવ્યો છે. આ વામન અને વિરાટનો આનંદ ચિત્ત હંમેશા માણી રહ્યું છે, એવો કાવ્ય નાયિકાનો અનુભવ પ્રગટ થાય છે. આ સૉનેટોનું છંદોવૈવિધ્ય કવયિત્રીનો છંદ પરનો કાબૂ અને પ્રેમ સૂચવે છે.

'ત્રિદલ' સંગ્રહનું પહેલું સૉનેટ પ્રકૃતિના આનંદની અભિવ્યક્તિનું છે. શિખરિણી છંદમાં તેની છેલ્લી પંક્તિઓ જોઈએ -

અહો.... મારા વ્હાલા ઝબુક દિવડે સૌ ઝળહળે,
નર્યા ઐશ્વર્યોના ફલક પર બેસી ફરફરે...

તો પશુપ્રેમની વસંતતિલકા છંદમાં રજૂઆત કરતાં કાવ્ય-નાયિકા કહે છે -

પાળ્યું અમે સમજદાર જ શ્વાન મેગી,
માયા કરી ગજબની રમતે ચઢાવી,
એની વફા અલખથી ઘણી છે અનોખી,
સભ્યા રૂપે અમલમાં મૂકતાં સલોણી.

અને મને તો તેમની લૂખા શિષ્ટાચારને ખુલ્લા પાડતી રચનાની આ પંક્તિઓ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીઓના ભભકા વચ્ચે વાસ્તવિકતાના ચિતાર સમી લાગી છે. સૉનેટની પ્રથમ અને છેલ્લી પંક્તિઓ જુઓ -

ઉપાલંભે વાગે મધુમય સમા શબ્દ અઘરા,
પૂછ્યાગાછ્યા વિના ઉર ઉલટમાં થાય ભ્રમણા,
ઘણા એવા ઘાવો હરખી હરખી રોજ સહતી,
તીણા કાંટા ઓઢી સુમન સરખી ધીર ધરતી.

અહીં આપણને સંગ્રહના સૉનેટોમાં વિષયવૈવિધ્ય પણ ખૂબ જ જોવા મળે છે. આ અગાઉ કવયિત્રી પારૂલ બારોટે બાળ સાહિત્ય ક્ષેત્રે પણ મહત્ત્વનું પ્રદાન કર્યું છે. 'મહેંકતી મૌસમ', 'કુંપળનો કલરવ', 'ધીંગામસ્તી', 'પતંગિયાની પાંખે' અને 'જાદુઈ છડી' બાળવાર્તા સંગ્રહો છે. પરંતુ ગીત-ગઝળ અને અછાંદસ તેમજ ગદ્યકાવ્યના માહોલમાં છંદોબદ્ધ સૉનેટ આપી કવયિત્રીએ જબરો કાવ્યપુરુષાર્થ કર્યો છે. તેમની આ સફર અવિરત આગળ વધતી રહે તેવી શુભકામના સાથે તેમના આ સંગ્રહને આવકારું છું.

'ત્રિદલ' (સૉનેટ સંગ્રહ)
લેખક : પારુલ બારોટ
પ્રકાશક : રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮; કિંમત રૂ. ૧૦૦/-